ગાંધીનગર સમાચાર

સોમવારે ગાંધીનગરમાં પાટીદારોની રેલી



**વ્રત ઉપવાસની મૌસમ** - ગૌરી વ્રત અને જયા પાર્વતીના વ્રત સાથે શરૂ થઈ ચુકી છે. ગોરો અને જયા પાર્વતીનું વ્રત કરતી નાની બાળાઓ વહેલી સવારે નવા નવા વસ્ત્રો પહેરી મંદિરોમાં પુજા કરતી જોવા મળી જાય છે. સવારે મંદિરોમાં તથા સાંજે બગીચાઓમાં નાની બાળાઓની અવરજવરથી ચહલ પહલ જોવા મળે છે. **(તસવીર : દિપક જાની)**

# ગાંધીનગરમાં પાણી પુરવઠો ખોરવાયો

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં છેલ્લા ચાર દિવસથી વરસાદી વાદળો વરસતા ગયા હતા. બીજીતરફ શહેરમાં આજે સવારે પાણી પુરવઠો સપ્લાય થઈ શકયો ન હતો. વૃક્ષો ધરાશાયી થતા પડી હતી. જો કે સાંજના સમયે તંત્ર દ્વારા પાણી સપ્લાય કરવામાં આવ્યુ હતુ.

**વૃક્ષો પડવાથી જી ઇ બી ના વિજ થાંભલાઓ જમીન દોસ્ત થતા નભોઇ પમ્પીંગ સ્ટેશનમાં વિજ પ્રવાહ ખોરવાતા નર્મદાનુ પાણી સપ્લાય ન થયુ : તંત્ર દ્વારા સાંજના સમયે પાણી સપ્લાય કરાયુ**

રોજબરોજ નવી નવી આફતો આવી પડે છે. સતત વરસાદથી નગરનુ જનજીવન ભીંજારુ બનતા વરસાદી સમસ્યાઓથી નાગરિકો તોબા પોકારી ગયા છે.વરસાદી વાયરો યથાવત રહેતા નગરમાં આજે પણ ઘણાં ઠેકાણે વૃક્ષો જમીનદોસ્ત થઈ નભોઈ પમ્પીંગ સ્ટેશનમાં વિજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.જેથી નગરના સંપમાં નર્મદાનુ પાણી સપ્લાય થઈ શકયુ ન હતુ. જેના પરિણામે સમગ્ર શહેરમાં પાણી આપી શકાયુ ન હતુ. નગરજનોને પાણી ન મળતા ભારે હાલાકી વેઠવી

સમગ્ર શહેરમાં આજે પાણી પુરવઠો ઠપ્પ થઈ ગયો હતો. તોફાની વરસાદના લીધે નભોઈ પમ્પીંગ સ્ટેશનમાં વિજ પુરવઠો ખોરવાઈ જતા નર્મદાનું પાણી સપ્લાય થઈ શકયુ ન હતુ જેના પરિણામે નગરના

● અનુસંધાન પાન-૭ પર



તસવીર.. કશ્યપ નિમાવત

# સોમવારે ગાંધીનગરમાં પાટીદારોની રેલી

ગાંધીનગર, તા. ૨૯

'પાટીદાર અનામત આંદોલન' અંતર્ગત ગાંધીનગર શહેરમાં વિશાળ રેલીનું આયોજન થયું છે. સોમવારે સવારે ૮.૩૦ કલાકે ઘ-૦ સર્કલથી સત્યાગ્રહ છાવણી સુધી રેલી નીકળશે જે અંગે વહીવટીતંત્રની મંજુરી પણ મળી જવા પામી છે. વિસનગરની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે વહીવટીતંત્ર તથા આયોજકો પણ ખાસ ધ્યાન રાખનાર છે તે ઉપરાંત જિલ્લા પોલીસતંત્ર પણ તકેદારીના ભાગરૂપે ચાંપતો પોલીસ બંદોબસ્ત તૈનાત કરી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવશે. સરદાર પટેલ સેવા દળ ગાંધીનગરના ઉપપ્રમુખ પુર્વીન પટેલના જણાવ્યાનુસાર આ રેલી સંપૂર્ણપણે ગાંધી ચિંધ્યા માર્ગે યોજાશે. અને કોઈ પ્રકારના ઉશ્કેરણીજનક કાર્યક્રમ કરવામાં આવશે નહી.

**વહીવટીતંત્રની રેલીને મંજુરી : ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી સુધી પાટીદાર અનામત માટે રેલી નીકળશે : વિસનગરની ઘટનાનું પુનરાવર્તન ન થાય તેનું તંત્ર અને આયોજકો ખાસ ધ્યાન રાખશે**

૩જી ઓગષ્ટ સોમવારે સવારે ૮.૩૦ કલાકે ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી સુધી પાટીદાર અનામત માટેની રેલી માટે તંત્રએ મંજુરી આપી દીધી છે. આ રેલીમાં હજારોની સંખ્યામાં પાટીદારો જોડાય તેવી શક્યતા છે. ત્યારે વિશાળ રેલીમાં વિસનગરની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે ખાસ ધ્યાન રાખવામાં આવશે. જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંઘ યાદવના સુપરવિઝન હેઠળ આ વિશાળ રેલીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે અનુસાર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ૪ ડીવાયએસપી, ૧૦ પી.આઈ., ૪૦૦ પોલીસ જવાનો, ૭૫ મહિલા પોલીસ, ૪૦ ટ્રાફીક પોલીસ ઉપરાંત ક્વીક રીસ્પોન્સ ટીમો બંદોબસ્તમાં ખડેપગે રહે તેવી શક્યતા છે. આ આંદોલન સરકાર વિરોધી નહી પરંતુ પાટીદારોના હક્ક માટે છેડાયુ હોવાનું સરદાર પટેલ સેવાદળ, ગાંધીનગરનું કહેવું છે.

# એફ.એસ.એલ. થી જ-માર્ગને જોડતા બ્રીજના ઉપયોગ પહેલા જ તિરાડ

**અદ્યતન ટેકનોલાજીથી બનેલા બ્રીજમાં તિરાડ પડતા અભ્યાસ હાથ ધરાયો**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં સતત વરસાદના લીધે નગરના માર્ગોનુ પણ ધોવાણ થયુ છે. શહેરના મુખ્ય માર્ગો ઉપરાંત આંતરિક રસ્તાઓ પર ડામરની કાંકરીઓ ઉખડેલી જોવા મળે છે.ત્યારે વરસાદી હેલીમાં એફ એસ એલ થી જ માર્ગને જોડતા પુલમાં તિરાડ પડી છે.એક વર્ષ અગાઉ જ આ પુલ બાંધવામાં આવ્યો છે.ત્યારે પુલને નુકશાન કેવી રીતે થયુ તે માટે તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

સતત વરસાદના લીધે શહેરમાં નગરના માર્ગોનુ ધોવાણ થયુ છે. વરસાદથી શહેરના રોડ નેટવર્ક પ્રભાવિત થયુ છે. ત્યારે શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગોનુ પણ ધોવાણ થયુ છે.જયારે એફ એસ એલ થી જ માર્ગને જોડતા બ્રીજને પણ નુકશાન થયુ છે. વરસાદના લીધે બ્રીજમાં તિરાડ પડી છે. આ બ્રિજનુ કામ એક વર્ષ અગાઉ જ થયુ છે. અદ્યતન ટેકનોલાજીથી નિર્માણ કરયેલા આ બ્રીજમાં તિરાડ પડતા કામની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. જેના લીધે તંત્રના અધિકારીઓ દ્વાર આ મામલે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો છે.

# સરિતા ઉદ્યાન સહેલાણીઓ માટે બે દિવસ બંધ રહેશે

ગાંધીનગર, તા. ૨૯

ઉદ્યાન નગરી તરીકે ઓળખાતા પાટનગરના સરિતાઉદ્યાનને બે દિવસ માટે મુલાકાતીઓ માટે પ્રતિબંધ વિસ્તાર જાહેર કરાયો છે.

ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવતાં આ ઉદ્યાન નજીક આકાર પામી રહેલ સંત સરોવરમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી આ ઉદ્યાનમાં સામાન્ય માનવીને પ્રવેશ માટે પ્રતિબંધિત કરવામાં આવેલ છે.

# આનંદીબહેન પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે

**મહેસાણા, પાટણ અને બનાસકાંઠાના વિસ્તારોનની મુલાકાત :રાજનાથસિંહે સહાય માટે વાતચીત કરી**

ગાંધીનગર,તા. ૨૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે ભાજપની બેઠકને અધુરી મુકી દીધી હતી અને ગુજરાતમાં ભારે વરસાદના કારણે ઉભી થયેલી સ્થિતિની સમીક્ષા કરવા માટે ઉત્તર ગુજરાતમાં મહેસાણા અને પાટણ માટે રવાના થઈ ગયા હતા. પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેનની સાથે નીતિનભાઈ પટેલ પણ રવાના થયા હતા. ઉત્તર ગુજરાતમાં સૌથી વધારે અસરગ્રસ્ત એવા મહેસાણા, પાટણ, બનાસકાંઠા સહિતના અનેક વિસ્તારો પૂરગ્રસ્ત દેખાઈ રહ્યા છે. વિસ્તારોની મુલાકાત લીધા બાદ વરસાદના કારણે થયેલા નુકસાન અને પરિસ્થિતિની સમીક્ષા કરી હોવાનુંપણ જાણવા મળ્યું છે. મુખ્યમંત્રીએ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ સાથે પુરની સ્થિતિ અંગે ચર્ચા વિચારણા કરી છે.



# જિલ્લામાં ૧ ૨૯૮ વૃક્ષ ધરાશાયી

ગાંધીનગર, તા. ૨૯

ગઈકાલે ગાંધીનગર જિલ્લામાં તીવ્ર ગતિથી ફુંકાયેલા વાવાઝોડામાં ૧ ૨૯૮ વૃક્ષો પડી જવા પામ્યા છે.

પડી ગયેલા આ વૃક્ષોને માર્ગ પરથી હટાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આજે વન વિભાગની ૨૪ ટીમો ૧૫૦ મજૂરો સાથે કામે લાગી છે તો ગાંધીનગર શહેરમાં કોર્પોરેશનની ૩ ટીમો કાર્યરત કરવામાં આવી છે. અધિક કલેક્ટર શ્રી વિજય કાલરિયાના જણાવ્યાનુસાર બધા જ માર્ગો પર આજે વાહન-વ્યવહાર સામાન્ય છે. જે વૃક્ષો પડી ગયા છે તે બધાજ આગામી બે દિવસમાં ઉપડી જશે.

જિલ્લાના ૧ ૪૦થી વધુ ગામોમાં વીજળી બંધ હતી તે પૈકી ૭૦ થી વધુ ગામોમાં આજે બપોર પછી ચાલુ થઈ ગઈ છે અને સાંજ સુધીમાં મોટાભાગના તમામ ગામોમાં વીજપુરવઠો પુનઃ પ્રસ્થાપિત થશે. વીજ પુરવઠાની ક્ષતિને લઈ ગાંધીનગર શહેર સહિત કેટલાક ગામોમાં પાણી પુરવઠો ખોરવાયો હતો તે બધા જ જોડાણો પુનઃ કાર્યરત કરી દેવામાં આવ્યા છે.

# જિલ્લામાં તારાજીનો તાગ મેળવવા ૩૦થી વધુ ટીમો કામે લાગી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લામાં ચાર દિવસની વરસાદની હેલીએ સર્જેલી



તારાજીની પ્રાથમિક વિગતો એકત્ર કરવા અને સર્વેલન્સ માટે જિલ્લામાં ૨૦થી વધુ ટીમો કામે લાગી છે.

કલોલ તાલુકામાં થયેલી તારાજીના સર્વે માટે ૧૯ ટીમો કાર્યરત થઈ છે. જે પૈકી ૧૬ ટીમો ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ કરશે જયારે ૩ ટીમો શહેરી વિસ્તારમાં થયેલા નુકશાનનો સર્વે રિપોર્ટ તૈયાર કરશે.

માણસા તાલુકામાં પણ ૪ ટીમો બનાવવામાં આવી છે તો દહેગામમાં ૭ ટીમો બનાવી સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

તારાજીની વિગતો અંગેનો પ્રાથમિક અહેવાલ બે દિવસમાં તૈયાર થઈ જશે અને તે પછી રાજય સરકારને મોકલવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના ૭ ગામોમાં ૨૦ જેટલા મકાનો પડી જવા પામ્યા છે. જેમાં પાનસર, સઈજ, ભોયણ મોટી, પિયજ, નાસ્મેદ, ધાનજ, સનાવાડમાં ૨૦ જેટલા મકાનો ધરાશયી થયા છે. જેમાં ૧૩ જેટલા કાચા મકાનો છે જયારે ૭ પાકા મકાનો છે.

**૧ માનવ મૃત્યુ અને પાંચ પશુઓના મોત થયા છે : ૧૦૦થી વધુ મકાનોને નુકશાન અથવા પડી જવા પામ્યા છે**

દહેગામમાં ૨૫ જેટલા કાચા મકાનો પડી જવા પામ્યા છે જયારે ૧૦૦ જેટલા મકાનોને અંશતઃ નુકશાન થવા પામ્યું છે.

માણસામાં પણ પાંચ જેટલા મકાનો પડી જવા પામ્યા છે. ગાંધીનગર તાલુકામાં ૪૦ જેટલા કાચા પાકા મકાનો પડી જવા પામ્યા છે.

જિલ્લામાં એક માનવ મૃત્યુ અને પાંચ પશુઓના મોત આ હેલીમાં થયાની વિગતો જાણવા મળેલ છે.

# કલોલ તળાવ ઓવરફ્લો થતાં પાંચ પંપથી ખાલી કરાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં કપિલેશ્વર મહાદેવ નજીક ઔડા દ્વારા નિર્મિત તળાવ ઓવરફ્લો થતાં તેનું ડિવોટરીંગ



કરી પાણીની જળસપાટી જાળવી રાખવા માટે તંત્ર કામે લાગ્યું છે.

ચાર દિવસની વરસાદની હેલીને પગલે આ તળાવ છલોછલ થઈ છલકાઈ જવા પામ્યું છે.

તંત્ર આ પાણી ડી વોટરીંગ કરી આરસોડિયા નજીક ભૂગર્ભ ગટર અને કાંસમાં પાણી વહાવી દેશે. આ કામગીરી આજે મોડી રાત સુધી ચાલશે. આ માટે પાંચ જેટલા હેવી ડીવોટરીંગ પંપ કામે લગાડવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

દરમિયાન આજે દિવસ દરમિયાન જે ગઈ કાલે વાયુદેવના પ્રકોપથી પડી ગયેલા થાંભલાઓ અને ઈલેકટ્રીક લાઈનોને પુનઃ કાર્યરત કરવાની કામગીરીમાં ગતિ આવી છે. માણસા અને કલોલમાં ૨૦થી વધુ ગેંગોને યુજીવીસીએલ દ્વારા કામે લગાડવામાં આવી છે.

આજે મોડી રાત્રે ગ્રામ્ય વિસ્તારમાં વીજ પુરવઠો પુનઃ પ્રસ્થાપિત થઈ જશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

સેકટર 6D,સહીયર ગરબા ગ્રાઉન્ડ પર મોજ-મસ્તીનો ખજાનો એટલે
ફોન : ૯૮૨૪૭૯૧૮૮૯
ફન પાર્ક
સમય : સાંજે ૫.૦૦ થી
સ્થળ : સેકટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ, વીટકોસ ડેપો પાસે, ગાંધીનગર.
પ્રવેશ ફી ફક્ત રૂ. ૧૦/- રાઈડ્સ રૂ. ૨૦/-
બાળકો માટે ખાસ રાઈડ્સનો આનંદ
ટોરાટોરા, જાયન્ટ વ્હીલ, ડીશબી, બ્રેક ડાન્સ તેમજ બીજી અન્ય રાઈડ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
STEEL TIGER
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

SANGHI CEMENT
KisaN
ashirvad
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com